| કુલ ગુણ | 100 |
|---|---|

# સંશોધન અને તાલીમ સહાયક પરીક્ષા - 2024
## PART - 2 (ECONOMICS)

**પરીક્ષાની તારીખ : ૦૮/૧૨/૨૦૨૪**

**પરીક્ષાનો સમય : સવારે ૧૫:૦૦ થી ૧૭:૦૦**

| કેટેગરી |
|---|
| **A** |

SEAL SEAL SEAL SEAL SEAL SEAL

**ECONOMICS PAPER-2**

SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| | **પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ** |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં. |
| (2) | મોબાઈલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | <u>આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે</u>. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ●ⒸⒹ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ ૧ (એક) ગુણ મળવાપત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૨૦ મિનિટનો છે. |

રફ કામ માટેનું પેઈજ

(1) Economics કયા ગ્રીક શબ્દપરથી ઉતરી આવ્યો છે ?

(A) Ecology (B) Philo

(C) Nomos (D) Oikonomikos

(2) અર્થશાસ્ત્રના અભ્યાસ અને વિશ્લેષણના ક્ષેત્રની રીતે કેટલા ભાગ પડે છે ?

(A) છ (B) બે

(C) ચાર (D) ત્રણ

(3) આર્થિક અભ્યાસોમાં સિદ્ધાંત કે માહિતીની રજૂઆત કેટલી રીતે થાય છે ?

(A) બે (B) એક

(C) ત્રણ (D) ચાર

(4) કયા અર્થશાસ્ત્રીએ અર્થશાસ્ત્રની વ્યાખ્યા સંપત્તિના શાસ્ત્ર તરીકે આપી હતી ?

(A) એડમસ્મિથ (B) સેમ્યુઅલસ

(C) રોબિન્સ (D) માર્શલ

(5) નીચેનામાંથી કઈ વસ્તુઓનો સમાવેશ અભૌતિક વસ્તુઓમાં થાય છે ?

(A) ફ્રિજ (B) મોબાઈલ

(C) ટી.વી. (D) શિક્ષણ

(6) મૂડી નીચે આપેલા વિકલ્પમાંથી કયુ લક્ષણ ધરાવતી નથી ?

(A) ઉત્પાદનનું માનવસર્જિત સાધન છે. (B) અછત ધરાવતું સાધન છે.

(C) સૌથી સ્થિર ઉત્પાદનનું સાધન છે. (D) મૂડીનું વળતર તે વ્યાજ છે.

(7) માંગનો નિયમ કોણે આપ્યો ?

(A) આલ્ફ્રેડ માર્શલ (B) એડમ સ્મિથ

(C) રોબિન્સ (D) સેમ્યુઅલસ

(8) જ્યારે વસ્તુઓની માંગ સંયુક્ત રીતે થતી હોય તો તેને કેવી વસ્તુ કહે છે ?

(A) નાશવંત વસ્તુ (B) અવેજી વસ્તુ

(C) પ્રતિષ્ઠિત વસ્તુ (D) પૂરક વસ્તુ

(9) માંગની મૂલ્ય સાપેક્ષતાના કેટલા પ્રકારો છે ?

(A) ચાર (B) છ

(C) સાત (D) પાંચ

(10) વસ્તુની કિંમતમાં થતા વધારાના કારણે પુરવઠામાં થતા ફેરફારને શું કહેવાય ?

(A) ઘટાડો (B) સંકોચન

(C) વિસ્તરણ (D) વધારો

(11) વસ્તુની કિંમત અને પુરવઠા વચ્ચે કેવો સંબંધ છે ?

(A) શૂન્ય (B) સીધો

(C) સમાન (D) વિરોધી

(12) વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ કયા અર્થશાસ્ત્રીઓએ રજૂ કર્યો હતો ?

(A) ઓસ્ટ્રિયન (B) ભારતીય

(C) અમેરિકન (D) આફ્રિકન

(13) વૈકલ્પિક ખર્ચના ખ્યાલને વ્યવસ્થિત સ્વરૂપમાં રજૂઆત કયા અર્થશાસ્ત્રીએ કરી ?

(A) એડમ સ્મિથ (B) માર્શલ

(C) રોબિન્સ (D) કેઈન્સ

(14) કયા ખર્ચને માપી શકાતો નથી ?

(A) ટૂંકાગાળાનો ખર્ચ (B) નાણાકીય ખર્ચ

(C) વાસ્તવિક ખર્ચ (D) વૈકલ્પિક ખર્ચ

(15) સરેરાશ ખર્ચની રેખા કેવા આકારની બને છે ?

(A) અર્ધ વર્તુળ (B) લંબચોરસ

(C) U (D) V

(16) "પૂર્ણ હરીફાઈ ત્યાં અસ્તિત્વ ધરાવે છે જ્યાં ઉત્પાદકની ઉત્પાદિત વસ્તુની માંગ સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ હોય." પ્રસ્તુત વ્યાખ્યા કોણે આપી હતી ?

(A) પ્રો. આલ્ફ્રેડ માર્શલ (B) પ્રો. લેફટવીચ

(C) શ્રીમતી જ્હોન રોબિન્સ (D) એડમસ્મિથ

(17) ખાંચાવાળી માંગરેખા કયા બજારમાં હોય શકે ?

(A) પૂર્ણ હરીફાઈ (B) ઈજારો

(C) અલ્પ હસ્તક ઈજારો (D) ઈજારાયુક્ત હરીફાઈ

(18) અસામાન્ય નફો કયા બજારનું લક્ષણ છે ?

(A) પૂર્ણહરીફાઈ (B) ઈજારાયુક્ત હરીફાઈ

(C) ઈજારો (D) અલ્પહસ્તક ઈજારો

(19) ભારતમાં જાહેર બાંધકામ ખાતા (PWD) ની રચના કયા વર્ષમાં થઈ?

(A) 1853
(B) 1854
(C) 1855
(D) 1856

(20) ભારતમાં ખાનગીક્ષેત્રમાં બેંકની શરૂઆત કયા વર્ષમાં થઈ?

(A) 1770
(B) 1771
(C) 1772
(D) 1773

(21) બ્રિટનમાં કયા સમયગાળા દરમિયાન ઔદ્યોગિક ક્રાંતિ થઈ?

(A) ઈ.સ. 1742 થી 1750
(B) ઈ.સ. 1750 થી 1830
(C) ઈ.સ. 1850 થી 1880
(D) ઈ.સ. 1716 થી 1750

(22) વિશ્વબેંકના એપ્રિલ, 2014 ના અહેવાલ મુજબ સમખરીદ શક્તિમાં આધાર પર વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં ભારત કયો ક્રમ ધરાવે છે ?

(A) પ્રથમ
(B) બીજો
(C) ત્રીજો
(D) ચોથો

(23) ખાનગીક્ષેત્રનો વ્યાપ વધારવા માટે ભારતમાં કયા વર્ષમાં આર્થિક કાયદાઓ બદલવામાં આવ્યા અને આર્થિકનીતિનું પરિવર્તન થયું ?

(A) ઈ.સ. 1991
(B) ઈ.સ. 1980
(C) ઈ.સ. 1951
(D) ઈ.સ. 1992

(24) રાજ્ય જાહેર ક્ષેત્રના ઉદ્યોગમાંથી પોતાની મૂડી પાછી ખેંચે તેને શું કહે છે ?

(A) ખાનગીકરણ
(B) વૈશ્વીકરણ
(C) મૂડીકરણ
(D) વિમૂડીકરણ

(25) ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન સાધનોને લગતા ઘસારાને કુલ આંતરિક પેદાશમાંથી બાદ કરવાથી શું પ્રાપ્ત થાય છે ?

(A) GDP
(B) GNP
(C) NNP
(D) NDP

(26) સૈદ્ધાંતિક સમજૂતીની રીતે અર્થતંત્રના કેટલા પ્રકાર પડે છે ?

(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) પાંચ

(27) ઉત્પાદન પદ્ધતિથી રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા કોણે આપી ?

(A) માર્શલ (B) પીગુ

(C) ફિશર (D) સેમ્યુઅલસન

(28) નાણાકીય ખર્ચના કુલ કેટલા ઘટકો છે ?

(A) ત્રણ (B) ચાર

(C) પાંચ (D) બે

(29) સરકારનો અંદાજિત ખર્ચ જ્યારે સરકારની અંદાજિત આવક કરતાં વધુ હોય તેને કેવુ અંદાજપત્ર કહે છે ?

(A) પુરાંતવાળુ અંદાજપત્ર (B) ખાધવાળું અંદાજપત્ર

(C) સમતોલ અંદાજપત્ર (D) સમાન અંદાજપત્ર

(30) પંચાયત એટલે શું ?

(A) પાંચ સો વ્યક્તિની સભા (B) પચાસ વ્યક્તિની સભા

(C) પાંચ વ્યક્તિની સભા (D) પાંચ ગામની સભા

(31) ભારતમાં કયા પ્રકારની ખાધનું નીતિવિષયક મહત્ત્વ ગણાતું નથી ?

(A) અંદાજપત્રીય ખાધ (B) રાજકોષીય ખાધ

(C) પ્રાથમિક ખાધ (D) મહેસૂલી ખાધ

(32) પ્રો. આલ્ફ્રેડ માર્શલે કઈ બાબતને લક્ષમાં રાખી આર્થિક વિચારો રજૂ કર્યા હતા ?

(A) ભૌતિક સંપત્તિ, ઉત્પાદનને (B) માનવકલ્યાણને

(C) અછત, પસંદગી અને કરકસરને (D) ખર્ચ, આવક અને રોજગારીને

(33) વિશ્વ મહામંદી સમયે ખર્ચ, આવક અને રોજગારી અંગે સમગ્રલક્ષ આર્થિક વિચારો રજૂ કરનાર કોણ હતા ?

(A) રોબિન્સ (B) પ્રો. કેઈન્સ

(C) પ્રો. માર્શલ (D) એડમસ્મિથ

(34) કૌટિલ્યએ રાજ્યની આવકના કુલ કેટલા સ્ત્રોત દર્શાવ્યા હતા ?

(A) સાત (B) પાંચ

(C) ચાર (D) છ

(35) એકાત્મ માનવવાદના પુરસ્કર્તા કોણ છે ?

(A) ગાંધીજી (B) કૌટિલ્ય

(C) ચાણક્ય (D) પંડિત દીનદયાળ

(36) આર્થિક માહિતી અંગેની ડેટા સીડી કોણ તૈયાર કરે છે ?

(A) શાળાઓ
(B) પ્રયોગશાળાઓ, સંશોધન કેન્દ્રો, સરકાર વગેરે
(C) સામાન્ય વ્યક્તિઓ
(D) ખાનગી પ્રકાશકો

(37) આલેખ કેટલા અને સમજવા માટે કયા શાસ્ત્રનું જ્ઞાન હોવું જરૂરી છે ?

(A) આંકડાશાસ્ત્ર
(B) તર્કશાસ્ત્ર
(C) સમાજશાસ્ત્ર
(D) અર્થશાસ્ત્ર

(38) દરેક સ્તંભના મૂલ્યને એકથી વધુ પેટા વિભાગમાં વહેંચવામાં આવે ત્યારે કઈ આકૃતિ બને છે ?

(A) સાદી સ્તંભ આકૃતિ
(B) પાસપાસેની સ્તંભ આકૃતિ
(C) વિભાજિત સ્તંભ આકૃતિ
(D) આવૃત્તિ બહુકોણ

(39) વૃતાંશ આકૃતિમાં વર્તુળનું કુલ ક્ષેત્રફળ કેટલું હોય છે ?

(A) 90 અંશ
(B) 180 અંશ
(C) 270 અંશ
(D) 360 અંશ

(40) બીજા વિશ્વયુદ્ધનો સમયગાળો જણાવો.

(A) ઈ.સ. 1939 થી 1940
(B) ઈ.સ. 1940 થી 1942
(C) ઈ.સ. 1939 થી 1944
(D) ઈ.સ. 1919 થી 1925

(41) "આર્થિક વિકાસ એ બહુપરિમાણિય પ્રક્રિયા છે." આ વિધાન કોણે રજૂ કર્યું ?

(A) માઇકલ ટોડેરો
(B) જી.એમ. મેયર
(C) મેકલપ
(D) એડમસ્મિથ

(42) ભારતના લોકોનું અપેક્ષિત આયુષ્ય કેટલું છે ?

(A) 55
(B) 69
(C) 70
(D) 68

(43) HDI તૈયાર કરવામાં સુગમ બને તે માટે કેટલા પરિબળો ધ્યાનમાં લેવાય છે ?"

(A) ત્રણ
(B) ચાર
(C) પાંચ
(D) બે

(44) વાસ્તવિક આવક કરતા નાણાકીય આવક ઝડપથી વધે તે ફુગાવો - આ વ્યાખ્યા કોણે આપી ?

(A) પ્રો. માર્શલ
(B) ડો. એ.સી. પીગુ
(C) ડો. એ.પી. લર્નર
(D) પ્રો. કેઇન્સ

(45) ઘઉં આપીને કાપડ મેળવવાની આર્થિક વ્યવસ્થા કયા નામે ઓળખાતી હતી ?

(A) બેન્કિંગ વ્યવસ્થા (B) સાટાપ્રથા

(C) નાણાપ્રથા (D) ઉધારપ્રથા

(46) અર્થતંત્રમાં માંગ વધવાને કારણે જો ફુગાવો સર્જાય તો આવા ફુગાવાને શું કહેવાય ?

(A) ખર્ચ પ્રેરિત (B) માંગ પ્રેરિત

(C) નફા પ્રેરીત (D) વેતન પ્રેરિત

(47) વિશ્વની સૌપ્રથમ બેંક કયા વર્ષમાં સ્થપાયેલી હતી ?

(A) 1601 (B) 1501

(C) 1401 (D) 1201

(48) નાણાકીય નીતિના પરિમાણાત્મક સાધનો કેટલા છે ?

(A) 4 (B) 5

(C) 7 (D) 9

(49) ભારતમાં વર્ષ 2011 સુધી બેરોજગારીનો દર કેટલા ટકા આસપાસ રહ્યો હતો ?

(A) 9 % (B) 10 %

(C) 11 % (D) 12 %

(50) 2015 પરના FAO ના અહેવાલ મુજબ ભારતમાં કુપોષિત વસ્તીનું પ્રમાણ વિશ્વમાં કયા નંબર હતું ?

(A) પ્રથમ (B) ત્રીજા

(C) પાંચમાં (D) બીજા

(51) અસરકારક માંગના અભાવે કયા પ્રકારની બેરોજગારી સર્જાય છે ?

(A) મોસમી (B) પ્રછન્ન

(C) ચક્રીય (D) ઘર્ષણજન્ય

(52) શ્રમના સક્રિય પુરવઠામાં કયા વયજૂથનો સમાવેશ થાય છે ?

(A) 15 થી 64 વર્ષ (B) 16 થી 65 વર્ષ

(C) 17 થી 64 વર્ષ (D) 18 થી 64 વર્ષ

(53) સંપૂર્ણ બેરોજગારીનું પ્રમાણ કયા વયજૂથમાં વધુ જોવા મળે છે ?

(A) 15 થી 20 વર્ષ (B) 15 થી 64 વર્ષ

(C) 15 થી 25 વર્ષ (D) 15 થી 60 વર્ષ

(54) કયા દિવસને રોજગારી દિવસ જાહેર કરેલ છે ?

(A) 2 ફેબ્રુઆરી
(B) 2 જાન્યુઆરી
(C) 2 માર્ચ
(D) 2 એપ્રિલ

(55) કઈ બેરોજગારીની સીમાંત ઉત્પાદકતા શૂન્ય હોય છે ?

(A) પ્રછન્ન
(B) ચક્રિય
(C) ઘર્ષણજન્ય
(D) અર્ધ

(56) ભારતમાં આયોજનનો આરંભ કઈ સાલમાં થયો ?

(A) 1991
(B) 1950
(C) 1951
(D) 1956

(57) ભારતમાં કયા રાજ્યમાં દર હજાર પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ વધારે છે ?

(A) હરિયાણા
(B) ગુજરાત
(C) મહારાષ્ટ્ર
(D) કેરલ

(58) ભારતમાં સૌપ્રથમ વખત વસ્તી ગણતરી કોના દ્વારા કરવામાં આવી ?

(A) જનશેદજી ટાટા
(B) દાદાભાઈ નવરોજી
(C) દિનદયાલ ઉપાધ્યાય
(D) એમ.એસ. સ્વામીનાથન

(59) ભારતમાં સ્વાતંત્રતા પછી પહેલું વસ્તી ગણતરીનું પત્રક કયા વર્ષમાં તૈયાર થયુ ?

(A) ઈ.સ. 1871
(B) ઈ.સ. 1951
(C) ઈ.સ. 1952
(D) ઈ.સ. 1955

(60) નાબાર્ડની રચના કયા વર્ષમાં થઈ હતી ?

(A) 1947
(B) 1969
(C) 1975
(D) 1982

(61) ભારતમાં કૃષિ સંશોધન કરતી સંસ્થા કઈ છે ?

(A) RBI
(B) પ્રાદેશિક ગ્રામીણ બેંક
(C) ICAR
(D) IACR

(62) લેણદેણની તુલામાં જમા બાજુનો સરવાળો ઉધાર બાજુના સરવાળા કરતાં વધુ હોય તો તે કેવી લેણદેણની તુલા કહેવાય ?

(A) પુરાંતવાળી
(B) ખાદ્યવાળી
(C) સમતોલ
(D) અસ્થિર

(63) ભારત માટે હૂંડિયામણ દર વધે તો શું અસર થાય છે ?

(A) રૂપિયાનું મૂલ્ય વધે છે.
(B) રૂપિયાનું મૂલ્ય ઓછું થાય.
(C) આયાતો વધે છે.
(D) નિકાસો ઘટે છે.

(64) આજના સમયમાં વિદેશ વેપારમાં કયું સાધન વધુ ગતિશીલ છે ?

(A) મૂડી
(B) શ્રમ
(C) નિયોજન શક્તિ
(D) જમીન

(65) વર્ષ 2011-12 માં ઔદ્યોગિક ક્ષેત્રે રોજગારીનું પ્રમાણ કેટલું હતું ?

(A) 11 %
(B) 24.3 %
(C) 23.4 %
(D) 16.6 %

(66) ટચુકડા ઉદ્યોગમાં મૂડીરોકાણની મર્યાદા કેટલી છે ?

(A) રૂપિયા 20 લાખ
(B) રૂપિયા 22 લાખ
(C) રૂપિયા 15 લાખ
(D) રૂપિયા 25 લાખ

(67) વિશિષ્ટ આર્થિક વિસ્તાર કયા દેશના વિશિષ્ટ આર્થિક વિસ્તારના મૉડેલ પરથી વિકસાવવામાં આવ્યો છે ?

(A) ચીન
(B) જાપાન
(C) અમેરિકા
(D) ઈંગ્લેન્ડ

(68) ભારતમાં કયા વર્ષમાં આપવામાં આવેલ નગરની વ્યાખ્યા ઉદાર હતી.

(A) 1991
(B) 1981
(C) 1971
(D) 1951

(69) ONGC ની સ્થાપના કયા વર્ષમાં કરવામાં આવી હતી ?

(A) 1947
(B) 1951
(C) 1955
(D) 1959

(70) ભારતીય બંધારણ એ કઈ વય સુધીના બાળકોને પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત ધોરણે પ્રાપ્ત થવું જોઈએ તેવું કહ્યું છે ?

(A) 6 થી 12
(B) 7 થી 15
(C) 6 થી 14
(D) 8 થી 15

(71) "વિદ્યાર્થીઓ અર્થશાસ્ત્રના પારિભાષિક શબ્દોનો પરિચય મેળવે." – આ કયો સામાન્ય હેતુ ગણાય.

(A) સમજ
(B) ઉપયોજન
(C) જ્ઞાન પ્રાપ્તિ
(D) કૌશલ્ય

(72) "અર્થશાસ્ત્રના જ્ઞાનના આધારે દેશનાં આર્થિક બનાવોમાં રહેલા કાર્યકારણ સંબંધોથી જ્ઞાન થાય" – આ ક્યો સામાન્ય હેતુ ગણાય.

(A) જ્ઞાનપ્રાપ્તિ
(B) ઉપયોજન
(C) કૌશલ્ય
(D) સમજ

(73) નીચેનામાંથી કયુ સોપાન માઈક્રોટીચીંગનું નથી ?

(A) સૈધ્ધાંતિક જ્ઞાન આપવું
(B) સ્વાધ્યાય
(C) દાર્શનિક પાઠ
(D) પાઠ અવલોકન

(74) નીચેનામાંથી કયુ ઘટક કા.પા. કૌશલ્યનું નથી ?

(A) કા.પા.માં સ્વચ્છતા
(B) લખાણની યોગ્યતા
(C) નમૂનાનું દર્શન
(D) અક્ષરોની સુવાચ્યતા

(75) કૃષ્ણ ફલક કૌશલ્ય એટલે.....

(A) કા.પા. કાર્ય કૌશલ્ય
(B) ઉદાહરણ કૌશલ્ય
(C) સુદૃઢીકરણ કૌશલ્ય
(D) પ્રશ્નપ્રવાહિતા કૌશલ્ય

(76) કયુ વર્તન વિષયાભિમુખ કૌશલ્યનું અનિચ્છનીય વર્તન છે ?

(A) પૂર્વજ્ઞાનનો ઉપયોગ
(B) અક્ષરોની સુવાચ્યતા
(C) લખાણની યોગ્યતા
(D) સાતત્ય ભંગનું વર્તન

(77) નીચેનામાંથી કયા નકારાત્મક શાબ્દિક સુદઢકનો ઉપયોગ શિક્ષકે ન કરવો જોઈએ.

(A) બેવકુફ
(B) શાબાશ
(C) ધન્યવાદ
(D) સાચુ છે.

(78) પૂર્વાનુભવ અને નવી ઘટના વચ્ચે અનુસંધાન કરી શકાય એટલે.....

(A) વિષયાભિમુખ કૌશલ્ય
(B) ઉદાહરણ કૌશલ્ય
(C) સ્પષ્ટીકરણ કૌશલ્ય
(D) પ્રશ્નપ્રવાહિત કૌશલ્ય

(79) ઉત્તેજના પરિવર્તન કૌશલ્યમાં નીચેનામાંથી કયુ પરિવર્તન શાબ્દિક - શાબ્દિક પરિવર્તન નથી?

(A) કથનમાંથી પ્રશ્નોત્તરીમાં ફેરફાર કરવો.

(B) વાંચનમાંથી પ્રશ્નોત્તરીમાં ફેરફાર કરવો.

(C) કા.પા. પર નોંધ કરી પછી પ્રશ્ન પૂછવા.

(D) કાવ્ય ગાનમાંથી કથનમાં ફેરફાર કરવો.

(80) પ્રશ્નપ્રવાહિતા કૌશલ્યમાં પ્રશ્ન પૂછવાની પ્રક્રિયામાં નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ થતો નથી?

(A) અંદિગ્ધ પ્રશ્ન પૂછવા

(B) પ્રશ્નોનું પુનરાવર્તન ટાળવું જોઈએ.

(C) પ્રશ્નો પૂછ્યા પછી થોડી શાંતિ જાળવવી.

(D) પ્રશ્નોની રજૂઆત યોગ્ય હાવભાવ સાથે થવી જોઈએ.

(81) 'વિદ્યાર્થીઓ નકશાવાંચન, નકશાપૂરવણી કરે" – આ કયો સામાન્ય હેતુ ગણાય?

(A) જ્ઞાનપ્રાપ્તિ (B) સમજ

(C) ઉપયોજન (D) કૌશલ્ય

(82) પ્રોજેક્ટ પદ્ધતિનો મૂળ વિચાર આપનાર અમેરિકન વ્યવહારવાદી શિક્ષણશાસ્ત્રી કોણ હતા?

(A) બી.એફ. સ્કીનર (B) થોર્નડાઈક

(C) જહોનડ્યૂઈ (D) પાવલોવ

(83) વિદ્યાર્થીઓમાં નકશાસર્જન, નમૂના બનાવવા, ચાર્ટ બનાવવા, દોરવા ચિત્રો બનાવવા, આયોજન કરવું, સંગઠન કરવું જેવા અનેક કૌશલ્યમાં કઈ પદ્ધતિમાં વિકસે છે?

(A) સ્વાધ્યાય પદ્ધતિ (B) પ્રોજેક્ટ પદ્ધતિ

(C) પ્રવાસ પદ્ધતિ (D) કથન પદ્ધતિ

(84) નીચેનામાંથી કયુ સોપાન પ્રોજેક્ટ પદ્ધતિનું નથી?

(A) પ્રોજેક્ટ પસંદગી (B) આયોજન

(C) જૂથ અહેવાલ (D) સ્વાધ્યાય

(85) કઈ શૈક્ષણિક પદ્ધતિમાં શિક્ષકનું માર્ગદર્શન ઓછામાં ઓછું હોય છે?

(A) કથન પદ્ધતિ

(B) સ્વાધ્યાય પદ્ધતિ

(C) પ્રયોગ પદ્ધતિ

(D) કથનચર્ચા પદ્ધતિ

(86) કઈ પદ્ધતિમાં વિદ્યાર્થી જાતે અધ્યયન કરતો થાય અને જાતે કૌશલયનો વિકાસ કરતો થાય ?

(A) કથન પદ્ધતિ

(B) કથન-ચર્ચા પદ્ધતિ

(C) પ્રયોગ પદ્ધતિ

(D) સ્વાધ્યાય પદ્ધતિ

(87) નીચેનામાંથી કઈ શૈક્ષણિક પદ્ધતિમાં એકધ્રુવીય પ્રક્રિયા જોવા મળે છે ?

(A) પ્રોજેક્ટ પદ્ધતિ

(B) કથન પદ્ધતિ

(C) પ્રયોગ પદ્ધતિ

(D) ક્ષેત્રકાર્ય પદ્ધતિ

(88) કથન પદ્ધતિને સફળ બનાવવા માટે નીચેનામાંથી કયો ઉપાય યોજી શકાય નહિ ?

(A) કથન ટૂંકુ હોવું જોઈએ.

(B) કથન સરળ અને સ્પષ્ટ હોવું જોઈએ.

(C) કથન સરળ અને સ્પષ્ટ હોવું જોઈએ.

(D) કથન સાથે TLM નો ઉપયોગ કરવો.

(89) ભારતમાં રાષ્ટ્રીય આવક, માથાદીઠ આવકનાં વલણોની રજૂઆત અને પંચવર્ષિય યોજનાઓ દરમિયાન થયેલ વિકાસનો તુલનાત્મક ખ્યાલ કયા પ્રકારનાં ચાર્ટ દ્વારા આપી શકાય ?

(A) કોઠો દર્શાવતો ચાર્ટ

(B) વૃક્ષ ચાર્ટ

(C) સમય ચાર્ટ

(D) વિકાસ ચાર્ટ

(90) નીચેનામાંથી કયો આલેખનો પ્રકાર નથી ?

(A) રેખા આલેખ

(B) બિંદુ આલેખ

(C) સ્તંભ આલેખ

(D) વર્તુળાકાર આલેખ

(91) "પાઠ આયોજન એટલે શૈક્ષણિક હેતુઓની સિદ્ધિ, પ્રાપ્તિ માટે શિક્ષક જે પ્રક્રિયાઓનું આયોજન કરે તેનો આલેખપત્ર" – પ્રસ્તુત વ્યાખ્યા કોણે આપી ?

(A) બોસિંગ

(B) લેસ્ટર સેન્ડ

(C) બિનિંગ

(D) ક્લિપપેટ્રિક

(92) સમાન કક્ષાવાળાં વિવિધ શૈક્ષણિક અનુભવોનું બંધન એટલે.....

(A) સ્વાધ્યાય

(B) મૂલ્યાંકન

(C) મુદ્દો

(D) એકમ

(93) શિક્ષક પોતાના વિષયના એકમના અધ્યાપન કાર્ય માટે 30-40 મિનિટના શિક્ષણકાર્યનું જે આયોજન કરે છે તે એટલે.....

(A) તાસ પાઠ આયોજન
(B) માઈક્રોપાઠ આયોજન
(C) એકમ પાઠ આયોજન
(D) સેતુપાઠ આયોજન

(94) વિષયના બે થી ત્રણ એકમો, સમગ્રપાઠ કે વિષયાંગ સંબંધી સમાન વિચાર ધરાવતા ઘણા મુદ્દાઓને કયા આયોજન આવરી લેવાય છે ?

(A) માઈક્રો પાઠ
(B) છૂટા પાઠ
(C) સેતુ પાઠ
(D) એકમ પાઠ

(95) શાળેય વિષયોમાં અનુબંધ સ્થાપવાનું સૌપ્રથમ કયા શિક્ષણશાસ્ત્રીએ કહ્યું ?

(A) હરબર્ટ
(B) ક્લિપેટ્રીક
(C) જહોનડ્યૂઈ
(D) ફ્રેબેલ

(96) જ્યારે કોઈ શૈક્ષણિક પ્રવૃત્તિ સાથે બે સાક્ષરી વિષયોને સમ્મિલિત કરવામાં આવે ત્યારે તેને કયા પ્રકારનો અનુબંધ કહેવાય ?

(A) આકસ્મિક અનુબંધન
(B) એકાંગી અનુબંધ
(C) દ્વિઅંગીય અનુબંધ
(D) બહુઅંગીય અનુબંધ

(97) ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક બનવા માટે કઈ પરીક્ષામાં ઉત્તીર્ણ થવું ફરજિયાત છે ?

(A) TAT
(B) TET
(C) HTAT
(D) CTET

(98) વિદ્યાર્થીઓની અર્થશાસ્ત્ર વિષયની સિદ્ધિ સુધારવાનો હેતુ કયા મૂલ્યાંકનમાં છે ?

(A) સ્વાધ્યાય મૂલ્યાંકન
(B) પાઠ આયોજન
(C) નિદાનાત્મક મૂલ્યાંકન
(D) ઊંડાણપૂર્વકનું મૂલ્યાંકન

(99) "નીચેનામાં યોગ્ય ઉત્તર વડે ખાલી જગ્યા પૂરો." – આ સૂચના કયા પ્રકારના પ્રશ્નમાં આપવામાં આવે છે ?

(A) નિબંધ પ્રકારના પ્રશ્નો
(B) અનાત્મલક્ષી પ્રશ્નો
(C) લઘુજવાબી પ્રશ્નો
(D) ટૂંક જવાબી પ્રશ્નો

(100) ત્રિપરિમાણદર્શક સારણીના આધારે પ્રશ્નપત્રની સંરચનામાં કઈ બાબતોનો સમાવેશ થતો નથી ?

(A) હેતુઓ પ્રમાણે ગુણભાર
(B) વિષયના વિવિધ મુદ્દા અનુસાર
(C) પ્રશ્નો પ્રમાણે ગુણભાર
(D) વિષય પ્રમાણે ગુણભાર

◆◆◆

## રફ કામ માટેનું પેઈજ

SEAL SEAL SEAL SEAL
PAPER-2

# રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયાબાદ OMR શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.